# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ


!! છ રોડ !! !! જલસેવા ભવન !!, એરફોર્સની કચેરીની સામે,સેકટર-૧૦-એ,ગાંધીનગર

પીએબીએકસ નં. (૦૭૯)૨૩૨૨૯૧૬૨, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૨૫૪૭ વેબસાઇટ " www.gwssb.gujarat.gov.in "


# જાહેરાત

ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ દ્વારા નીચે દર્શાવેલ જગ્યાઓ માટે જરૂરી લાયકાત, અને ગુજરાતી /હિન્દી ભાષાનું જ્ઞાન ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ તથા ગ્રેડ પે |
|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) | ૦૧ | પ્રથમ ચાર વર્ષ માટે મદદનીશ કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) તરીકે રૂ.૯૩૦૦-૩૪૮૦૦. ગ્રેડ પે.-૫૪૦૦ તથા ત્યારબાદ સેવાઓ સંતોષકારક જણાયે કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) તરીકે રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે.-૬૬૦૦ |
| ૨ | સીનીયર મેનેજર (ના/હિ) | ૦૧ | રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે.-૬૬૦૦ |
| ૩ | નાયબ કાર્યપાલક ઇજનેર(યાંત્રિક) | ૦૫ | રૂ.૯૩૦૦-૩૪૮૦૦. ગ્રેડ પે.-૫૪૦૦ |
| ૪ | નાયબ કાર્યપાલક ઇજનેર(સિવિલ) | ૧૫ | રૂ.૯૩૦૦-૩૪૮૦૦. ગ્રેડ પે.-૫૪૦૦ |
| ૫ | હાઇડ્રોલોજીસ્ટ | ૦૧ | રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે.-૫૪૦૦ |

ઉપરોકત જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ, વયમર્યાદા,અનામત જગ્યાઓ,અરજી ફી, વિગેરે ઓનલાઇન અરજી કરવા માટેની તમામ માહિતી ઓજસની વેબસાઇટ https://ojas.gujarat.gov.in અને બોર્ડની વેબસાઇટ http:// " www.gwssb.gujarat.gov.in " ઉપરથી મળી શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૦૨/૦૨/૨૦૧૬(૧૪-૦૦ કલાક) થી તા.૧૨/૦૨/૨૦૧૬ (૨૩-૫૯ કલાક) દરમ્યાન https://ojas.gujarat.gov.in પર ઓન લાઇન અરજી કરવાની રહેશે.

સભ્ય સચિવ

| | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ<br>(ગુજરાત સરકારનુ સાહસ)<br>!! છ રોડ !! !! જલસેવા ભવન !!, એરફોર્સની કચેરીની સામે,સેકટર-૧૦-એ,ગાંધીનગર<br>પીએબીએકસ નં. (૦૭૯)૨૩૨૨૯૧૬૨, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૨૫૪૭ વેબસાઇટ " www.gwssb.gujarat.gov.in " |
|---|---|

# જાહેરાત

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,ગાંધીનગર દવારા નીચે દર્શાવેલ જગ્યાઓ માટે જરૂરી લાયકાત અને ગુજરાતી/હિન્દી ભાષાનુ પર્યાપ્ત જ્ઞાન ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

**જગ્યાઓની સંખ્યા અને અનામત જોગવાઇ.**

| ક્રમ | જગ્યાનુ નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશકતતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | અ. જા. | અ. જ. જા. | સા. શૈ. પ. | સામાન્ય | અ. જા. | અ. જ. જા. | સા. શૈ. પ. | | |
| ૧ | કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | સીનીયર મેનેજર (ના/હિ) | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | નાયબ કાર્યપાલક ઇજનેર(યાંત્રિક) | ૦૫ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | નાયબ કાર્યપાલક ઇજનેર(સિવિલ) | ૧૫ | ૦૬ | ૦૧ | ૦૪ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૫ | હાઇડ્રોલોજીસ્ટ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**જગ્યાનુ પગાર ધોરણ , શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા**

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ તથા ગ્રેડ પે | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | વય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) | ૦૧ | પ્રથમ ચાર વર્ષ માટે મદદનીશ કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) તરીકે રૂ.૯૩૦૦-૩૪૮૦૦. ગ્રેડ પે.-૫૪૦૦ તથા ત્યારબાદ સેવાઓ સંતોષકારક જણાયે કાર્યપાલક ઇજનેર (યાંત્રિક) તરીકે રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે.-૬૬૦૦ | (અ)માન્ય યુનિવર્સિટીની મીકેનીકલ એન્જીનીયરીંગની સ્નાતકની પદવી અથવા જેને સરકારે આ હેતુ માટે સમકક્ષ લાયકાત તરીકે માન્ય ગણેલ હોય તે લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(બ)એમ.એસ.ઓફીસ,એમ.એસ.એકસેલ,એમ.એસ.વર્ડ,એમ.એસ.પ્રોજેકટ/ઓટોકેડનુ કોમ્પ્યુટરનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.<br>**અનુભવ** : શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ મીકેનીકલ એન્જીનીયરીંગના કામનો ત્રણ વર્ષનો અનુભવ | ૩૦ વર્ષ. ઉપરાંત સરકારશ્રીના સા.વ.વિ.ગાંધીનગરના તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ મુજબ વયમર્યાદામાં ૦૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે. (૩૦+૦૫= ૩૫ વર્ષ) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | સીનીયર મેનેજર (નાણાં/હિસાબ) | ૦૧ | રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે.-૬૬૦૦ | ઉમેદવાર ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડીયા <u>**અથવા**</u> ધ ઇન્સ્ટીટયુટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટસ ઓફ ઇન્ડીયાના સભ્ય હોવા જોઇએ.<br><br>**અનુભવ** : ઉપરોકત લાયકાત મેળવ્યા બાદનો પાંચ વર્ષનો અનુભવ જેમાં ઉત્પાદન કરતી / પ્રોજેકટસનુ અમલીકરણ કરતી વ્યાપારી સંસ્થાઓના હિસાબોની જાળવણી અને સંસ્થાકીય નાણાંનુ ભંડોળ ઉભુ કરવુ , પડતરના હિસાબો રાખવા,કરને લગતી બાબતો તથા વૈધાનિક અને આંતરિક ઓડીટને લગતી બાબતો તથા અંદાજપત્ર તૈયાર કરવુ ,બેન્કીંગ અને વિમા બાબતો સંભાળવા વિગેરેની કામગીરીનો અનુભવ ધરાવતા હોવા જોઇએ. | ૪૦ વર્ષ. |
| ૩ | નાયબ કાર્યપાલક ઇજનેર(યાંત્રિક) | ૦૫ | ૯૩૦૦-૩૪૮૦૦. ગ્રેડ પે.-૫૪૦૦ | (અ)માન્ય યુનિવર્સિટીની મીકેનીકલ એન્જીનીયરીંગની સ્નાતકની પદવી અથવા જેને સરકારે આ હેતુ માટે સમકક્ષ લાયકાત તરીકે માન્ય ગણેલ હોય તે લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(બ)એમ.એસ.ઓફીસ,એમ.એસ.એકસેલ,એમ.એસ.વર્ડ,એમ.એસ.પ્રોજેકટ/ઓટોકેડનુ કોમ્પ્યુટરનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. | ૨૮ વર્ષ.<br>ઉપરાંત સરકારશ્રીના સા.વ.વિ. ગાંધીનગરના તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ મુજબ વયમર્યાદામાં ૦૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.<br>(૨૮+૦૫= ૩૩ વર્ષ) |
| ૪ | નાયબ કાર્યપાલક ઇજનેર(સિવિલ) | ૧૫ | ૯૩૦૦-૩૪૮૦૦. ગ્રેડ પે.-૫૪૦૦ | (અ) માન્ય યુનિવર્સિટીની સિવિલ એન્જીનીયરીંગની સ્નાતકની પદવી અથવા જેને સરકારે આ હેતુ માટે સમકક્ષ લાયકાત તરીકે માન્ય ગણેલ હોય તે લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(બ)એમ.એસ.ઓફીસ,એમ.એસ.એકસેલ,એમ.એસ.વર્ડ/ઓટોકેડનુ કોમ્પ્યુટરનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. | ૨૮ વર્ષ.<br>ઉપરાંત સરકારશ્રીના સા.વ.વિ.ગાંધીનગરના તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ મુજબ વયમર્યાદામાં ૦૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.<br>(૨૮+૦૫= ૩૩ વર્ષ) |
| ૫ | હાઇડ્રોલોજીસ્ટ | ૦૧ | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે.-૫૪૦૦ | જીઓલોજી અથવા એપ્લાઇડ જીઓલોજીમાં ઓછામાં ઓછી બીજા વર્ગમાં અનુસ્નાતકની પદવી અથવા<br>માન્ય યુનિવર્સિટીની સિવિલ એન્જીનીયરીંગમાં ઓછામાં ઓછી બીજા વર્ગની સ્નાતકની પદવી. અથવા<br>ઇન્ડીયન સ્કુલ ઓફ માઇન્સમાંથી ડીપ્લોમા અથવા અન્ય સમકક્ષ લાયકાત. | ૩૦ વર્ષ<br>ઉપરાંત સરકારશ્રીના સા.વ.વિ.ગાંધીનગરના તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ મુજબ વયમર્યાદામાં ૦૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર રહેશે.<br>(૩૦+૦૫= ૩૫ વર્ષ) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | **<u>અનુભવ</u>** : જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ ગ્રાઉન્ડ વોટર ઇન્વેસ્ટીગેશન અથવા તેને લગતી બાબતોમાં ૦૩ વર્ષનો અનુભવ.<br><br>જીઓલોજીકલ એન્જીનીયરીંગમાં ખાસ કરીને ગ્રાઉન્ડ વોટર જીઓલોજી કે જેમાં ટયુબવેલ, ડેમનુ ફાઉન્ડેશન વર્કસ તેમજ પાવર હાઉસમાં કામગીરી કરી હશે તેઓને પસંદગીમાં અગ્રતાક્રમ આપવામાં આવશે. | |

**ઉપરોકત સંવર્ગના ભરતી નિયમોની જોગવાઇ મુજબ ઉમેદવારોને અજમાયશી સમય ઉપર નિમણૂંક આપવામાં આવશે. આ સમય દરમ્યાન તેઓએ જરૂરી તાલીમ મેળવવાની રહેશે તેમજ ભરતી નિયમોની સઘળી જોગવાઇઓ તેઓને લાગુ પડશે.**

**નોધ:** (૧) (૧) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગરના તા. ૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ મુજબ વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર રહેશે.

(૨) અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિન અનામત કક્ષાના લાગુ પડશે.

(૩) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જે તે કેટેગરીમાં જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનુ નથી.આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે. છે.

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરૂષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરૂષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા પર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરૂષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે.

(૨) <u>જાહેરાતની સામાન્ય જોગવાઇ</u>

(૧) નાગરિકત્વ : ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

(૨) જન્મ તારીખ : જન્મ તારીખના પુરાવા માટે સરકારશ્રી દવારા માન્ય કરાયેલ પ્રમાણપત્ર જ ધ્યાને લેવામાં આવશે.

(૩) ઉમેદવાર ગુજરાતી અને હિન્દી ભાષાનુ પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ

(૩) <u>**વયમર્યાદામાં છુટછાટ :**</u>

ઉમેદવારની ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ,ગાંધીનગરના તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૧૨૦૦૮-૨૮૨૩૨૩-ગ-૫ થી ભરતી નિયમોમાં વયમર્યાદા નિયત કરવામાં આવેલ છે.

**(એ) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે. તેમાં નીચે મુજબની છુટછાટ મળવાપાત્ર રહેશે.**

| ક્રમ | કક્ષા | વયમર્યાદામા છૂટછાટ |
|---|---|---|
| ૧ | બિન અનામત ઉમેદવારો | ૦૫ વર્ષ |
| ૨ | મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારો | ૧૦ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મૂળ ગુજરાતના બિન અનામત મહિલા ઉમેદવારો | ૧૦ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત મહિલા ઉમેદવારો | ૧૫ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) આ છૂટછાટમાં, મહિલા માટેની છૂટછાટ કે જે દસ વર્ષની છે તેનો સમાવેશ થઇ જાય છે. વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે. |
| ૫ | માજી સૈનિકો | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૦૩ વર્ષ (વધુમાં ૪૦ વર્ષની મર્યાદામાં) |
| ૬ | શારીરીક અશકતતા ધરાવતા ઉમેદવારો પૈકી જેઓને દ્રષ્ટિની ખામી **LV (Low Vision)** વિઝનની ક્ષતિ ધરાવતા હોય અથવા શ્રવણની અશકતતા **(HH)** ધરાવતા હોય અથવા હલનચલનની અશકતતા **OA(One Arm Affected)** અથવા **OL (One Leg Affected)** અથવા **BL (Both Leg Affected)** કેટેગરીમાં ૪૦ % થી ૭૫ % સુધીની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને જ મેડીકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ (દસ)વર્ષ સુધીની છૂટછાટ મળવાપાત્ર રહેશે.આ સિવાય અન્ય શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી. (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) | |

**અનામત વર્ગોના ઉમેદવારો જો બીન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને બિન અનામત ઉમેદવારો માટે જે વયમર્યાદા નિયત થયેલ છે તે લાગુ પડશે.**

(બી) અશકતતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.ર થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દવારા આપવામાં આવેલ તબીબી પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(સી) અનામત કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં છુટછાટ સાથે કોઇ પણ સંજોગોમાં નિયત તારીખે ઉંમર ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

(ડી) ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડમાં હંગામી મહેકમ ઉપર ફરજ બજાવતા ઉમેદવારને ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૪) **શૈક્ષણિક લાયકાત** :

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત તેમજ જરૂરી અનુભવ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણપત્રક (બધા જ વર્ષ/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ કચેરી દવારા જયારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હકકદાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હકકદાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો / અધિકૃતતાની વિગતો કચેરી માંગે ત્યારે આપવાની રહેશે.

(૬) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય )નિયમો-૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી તેમજ એમ.એસ.પ્રોજેકટ અને ઓટોકેડનુ જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

કોમ્પ્યુટર અંગેની **CCC** અથવા તેની સમકક્ષ રાજય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત સરકાર માન્ય સંસ્થામાંથી અજમાયશી સમય દરમ્યાન મેળવી લેવાની રહેશે.

(૫) **<u>અનામત</u> : અનુ.જાતિ,અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ**

(૧) મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ,અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે અને તે બાબતની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.

(૨) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દવારા નિયત નમૂનામાં આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ કચેરી જયારે માગે ત્યારે આપવાની રહેશે.

(૩) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯/૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ **<u>પરિશિષ્ટ-ક</u>** ના નમુનામાં નાણાંકીય વર્ષ-૨૦૧૪-૨૦૧૫ નુ તા.૦૧/૦૪/૨૦૧૫ પછીનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૬) **માજી સૈનિક**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારે ડીસ્ચાર્જ બુકની નકલ કચેરી જયારે માંગે ત્યારે રજુ કરવાની રહેશે.

(૭) સરકારના સરકારી/અર્ધ-સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં ફરજ બજાવતા અધિકારી /કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પસંદગી પામેલ ઉમેદવારે કચેરી જયારે માગે ત્યારે સક્ષમ અધિકારીનુ "**<u>ના-વાંધા પ્રમાણપત્ર</u>** " રજુ કરવાનુ રહેશે.

(૮) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દવારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૯) ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૧૦) ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂંક બોર્ડ દ્વારા બોર્ડ કચેરી તેમજ રાજયમાં આવેલ બોર્ડના નિયંત્રણ હેઠળની અન્ય કચેરીમાં કરવાપાત્ર રહેશે.

(૧૧) **ગેરલાયક ઉમેદવાર :**

(૧) ઉમેદવારને ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દવારા કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તેવુ કોઇ પણ તબકકે ધ્યાનમાં આવશે ઓ આવા ઉમેદવારની ઉમેદવારી/નિમણૂંક રદ થવાને પાત્ર બનશે.

(૨) અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ/ કોર્પોરેશનમાંથી કયારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તેવુ કોઇ પણ તબકકે ધ્યાનમાં આવશે તો આવા ઉમેદવારની ઉમેદવારી રદ થવાને પાત્ર બનશે.

(૩) ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(૪) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણૂંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

(૫) રૂબરૂ ચકાસણી દરમ્યાન ઉમેદવારે **On Line** અરજીપત્રકમાં બતાવેલી જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અને અન્ય લાયકાતો બાબતે જો કોઇ વિસંગતતા માલુમ પડશે તો તેઓની અરજી / નિમણૂંક રદ થવાને પાત્ર રહેશે.

(૧૨) **અરજી ફી સ્વીકારવા / જમા કરાવવા અંગે .**

(એ) જનરલ કેટેગરીના ઉમેદવારોએ નજીકની કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં અરજી ફી પેટે **રૂ.૨૦૦/- અને રૂ.૧૨/-** સર્વિસ ચાર્જ એમ કુલ **રૂ.૨૧૨/-** ભરવાના રહેશે.

(બી) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ નજીકની કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં અરજી ફી પેટે **રૂ.૧૦૦/-અને રૂ.૧૨/-**સર્વિસ ચાર્જ એમ કુલ **રૂ.૧૧૨/-**ભરવાના રહેશે.

(સી) ઉમેદવાર જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લઇ ચલણ સાથે કોઇ પણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફીસમાં ફીની રકમ રોકડેથી ભરવાની રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક લાવવાની રહેશે.

(ડી) જો ઉમેદવાર ફી ભર્યાની નકલ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી.

(ઇ) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

(એફ) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તારીખ.૧૩/૦૨/૨૦૧૬ રહેશે.

(જી) ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

(એચ) અરજી ફી વગરની અગ્રીમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૧૩) **અરજી કરવાની રીત** :

(૧)રસ ધરાવતા ઉમેદવારોએ **તા.૦૨/૦૨/૨૦૧૬(૧૪-૦૦ કલાક) થી તા.૧૨/૦૨/૨૦૧૬ (૨૩-૫૯ કલાક)** દરમ્યાન **http://ojas.guj.nic.in** પર ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **http://ojas.guj.nic.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.(૨)સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં **http://ojas.guj.nic.in** પર જવુ. હવે (૩)**Apply On Line** પર **Click** કરવાથી ભરવાપાત્ર જાહેરાતનો જાહેરાત ક્રમાંક , નામ અને અરજી કરવાની મુદતની વિગત દેખાશે.(૪) અરજી કરવા ઇચ્છતાં ઉમેદવારે નીચે **Apply Now** પર **Click** કરવાથી **Application Format** દેખાશે, **Application Format** માં સૌ પ્રથમ " **Personal Details** " ઉમેદવારે ભરવાની રહેશે. અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) **Personal Details** ભરાયા બાદ " **Educational Details** " ભરવા માટે **Educational Details** પર **Click** કરવુ. (૬) તેની નીચે **Self Declaration** માં **Yes /No** પર **Click** કરવુ.(૭) હવે **Save** પર **Click** કરવાથી તમારી અરજીનો ઓન લાઇન સ્વીકાર થશે. અરજીના સ્વીકારથી આપનો **Application Number Generate** થશે. જે ઉમેદવારે નોંધી લેવાનો અને સાચવીને રાખવાનો રહેશે. (૮) હવે પેજ ઉપરના ભાગમાં **Upload Photo** પર **Click** કરો, અહીં તમારો **Application Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો. ત્યારબાદ **OK** પર **Click** કરો. અહીં **Photo** અને **Signature Upload** કરવાના છે( ફોટોનુ માપ ૫ સે.મી.ઉંચાઇ અને ૩.૬ પહોળાઇ અને **Signature** નુ માપ ૨.૫ સે.મી.ઉંચાઇ અને ૭.૫ સે.મી.પહોળાઇ રાખવી). **Photo** અને **Signature Upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature JPG Format** માં **(15 KB) Size** થી વધારે નહી તે રીતે **Computer** માં હોવો જોઇએ." **Browse Button** " પર **Click** કરો. હવે **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં **JPG Format** માં તમારો ફોટો સ્ટોર થયેલ છે. તે ફાઇલને **Select** કરો અને " **Open Button** " ને કલીક કરો. હવે **Browse Button** " ની બાજુમાં " **Upload Button** " પર **Click** કરો. જેથી બાજુમાં તમારો ફોટો દેખાશે. હવે આ જ રીતે **Signature** પણ **Upload** કરવાની રહેશે.(૯) હવે પેજના ઉપરના ભાગમાં " **Confirm Application** " પર **Click** કરો. જયાં **Application Number** તથા **Birth Date Type** કર્યાબાદ **Ok** પર **Click** કરવાથી બે બટન (૧)**Application Preview** (૨) **Confirm Application** દેખાશે. ઉમેદવારે **Application Preview** પર **Click** કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો **Edit Application** પર **Click** કરીને સુધારો કરી લેવો. અરજી **Confirm** કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી **Confirm** કર્યા બાદ કોઇ પણ પ્રકારનો સુધારો થઇ શકશે નહી. જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **Confirm Application** પર **Click** કરવુ. **Confirm Application** પર **Click** કરવાથી ઉમેદવારની અરજીનો ઓનલાઇન સ્વીકાર થઇ જશે અહીં " **Confirmation Number** " **Generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોય ઉમેદવારે સાચવવાનો રહેશે. **Confirmation Number** સિવાય કોઇ પણ પત્ર વ્યવહાર કે પરીક્ષાને લગતી કોઇ પણ કાર્યવાહી કરી શકશે નહી. આ નંબર ભવિષ્યમાં આ જાહેરાતના સંદર્ભમાં કોઇ પણ પત્ર વ્યવહારમાં સંદર્ભ તરીકે દર્શાવવાનો રહેશે. (૧૦)હવે " **Print Application** " પર **Click** કરવુ.અહીં તમારો **Confirmation Number** ટાઇપ કરવો અને **Print** પર **Click** કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી અને કચેરી દવારા માંગણી કર્યેથી રજુ કરવાની રહેશે. (૧૧) **Confirm** થયેથી તુરત જ અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર આપને **SMS** મળશે. જેથી અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી.

(૧૪) **પસંદગી/નિમણૂંક અંગેની કાર્યવાહી**

(૧) ઉપરોકત સંવર્ગની જગ્યાઓમાં ભવિષ્યમાં વધારો /ઘટાડો કરવાની સત્તા બોર્ડને અબાધિત રહેશે

(૨) ઉપરની જગ્યાઓ પર પસંદગી/નિમણૂંક કરવા માટે ઉમેદવારોની પસંદગી લેખિત પરિક્ષા/રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) યોજીને કરવામાં આવશે. લેખિત પરીક્ષા બોર્ડ દવારા નિયત કરેલ યુનિવર્સિટી/સંસ્થા મારફતે લેવામાં આવશે. લેખિત પરીક્ષા માટેનો સીલેબસ બોર્ડની વેબસાઇટ ઉપર હવે પછી મુકવામાં આવશે. તેથી ઉમેદવારોએ બોર્ડની વેબસાઇટ જોવાની રહેશે.

(૧૫) આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો બોર્ડને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે.

(૧૬) આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત/મૌખિક પરીક્ષા બાબતે બોર્ડના સક્ષમ અધિકારીશ્રી દવારા નિર્ણય કરવામાં આવશે.

(૧૭) આ જાહેરાત અંગે પૂછપરછ માટે કચેરી સમય દરમ્યાનઃ **૦૭૯-૨૩૨૨૯૧૬૨** ફોન નંબર ઉપર સંપર્ક કરી શકાશે.

સભ્ય સચિવ